RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

Book-Post

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પાંગળો

Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૨ ● અંક : ૫-૬-૭ ● જાન્યુ-ફેબ્રુ-માર્ચ-૨૦૧૬ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૯૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

### હે પ્રભુ ! મારે મુસ્કાન જેવી દીકરી હોત તો કેવું સારું !

## તમારામાં રહેલી અલગ બાબત જ તમને અજોડ બનાવે છે !

જિંદગી એક સતત ખેલાતો જંગ છે અને એ જિંદગીની કપરી કશ્મકશમાં કેટલાક પોતાની રીતે હાર સ્વીકારી લેતા હોય છે અનો કેટલાક આફતો અનો મુસીબતો સામે મોજથી આખર સુધી લડતા હોય છે. કેટલાકને જિંદગીમાં સઘળી સુખ-સુવિધા હોય, તો પણ એ તોનો અફસોસરૂપ લાગે છે અનો કેટલાક પોતાની ભારે અફસોસભરી જિંદગીનો ગણેશની પૌરાણિક કથા લખીને એના પુસ્તકમાંથી જે કંઈ આવક થાય, તે વિલ્સન હોમ સંસ્થાને કસરત માટે બાઈક ખરીદવા માટે આપું. એણે લખેલી વિઘ્નહર્તા ગણેશની કથા ન્યુઝીલેન્ડની શાળાના જર્નલમાં પ્રકાશિત થઈ. આ નાનકડી બાર પાનાની પુસ્તિકા વિમોચન માટે તૈયાર થઈ, ત્યાં વળી એના નાનકડા મનમાં થયું.

“આની પહેલી નકલ ભગવાન ગણેશને જ અર્પણ કરું ન્યુઝીલેન્ડના “રેડિયો તરાના” પર હજારો શ્રોતાજનોએ સાંભળી અને સહુના હૃદય ગદ્ગદિત બની ગયા. ગણેશજીની પુસ્તિકા ગણેશચતુર્થીના દિવસે જ પ્રગટ થાય, તે કેવો પાવન યોગ !એ દિવસે જ આ પુસ્તિકાની એકસો નકલ વેચાઈ ગઈ અને મુસ્કાને એની સઘળી આવક વિલ્સન હોમને અર્પણ કરી.

મુસ્કાન હજી શાળામાં સંકોચ અનુભવતી હતી. બધાં જેટલા શ્રોતાજનોએ સાંભળ્યો. આના કારણે તો મુસ્કાનનો દર અઠવાડિયે “યુ એન્ડ મુસ્કાન” નામનો કાર્યક્રમ પ્રસારિત થવા લાગ્યો. એ જુદા જુદા વિષયો પર રેડિયોમાં વાર્તાલાપ આપતી હતી. બાળકો તરફથી મળેલા જન્મ દિવસના સંદેશાઓ અને ગીતોની વિનંતી પ્રસારિત કરતી હતી.

પોતાના કાર્યક્રમની પહેલાં પૂરી સમજ મેળવી લેતી અને પછી એને પોતાની આગવી રીતે પ્રસારિત મુસ્કાનને ગમે છે.

એની માતા જૈમિની કહે છે, “તે શાળામાં તેના વર્ગમાં સહાધ્યાયીઓની ખૂબ સંભાળ લે છે. લંચના સમયે એ બીજા બાળકોને એમના અભ્યાસમાં મદદરૂપ બને છે અને આમ કરવા જતા ઘણીવાર એનો નાસ્તો એમનો એમ પાછો આવે છે.”

મુસ્કાન તેર વર્ષની થઈ. ઑકલેન્ડમાં આવેલી સ્ટારશિપ હોસ્પિટલે એના

અફસોસરૂપ લાગે છે અને કેટલાક પોતાની ભારે અફસોસભરી જિંદગીનો આનંદમાં પલટી નાખે છે.

જિંદગી તો એની તરાહથી વહે છે, માત્ર જિંદગીની કશ્તીને દોરનારા સાહિલના સુકાન પર જ સઘળો મદાર હોય છે.

મુસ્કાન દેવતા પાસે પોતાની મુસ્કાન હતી. હસતે મુખે જીવવાની ચાહત હતી, ચોપાસ પ્રતિકૂળતાઓ ઘેરી વળી હોવા છતાં એને પાર કરવાનો મનસૂબો હતો અને આથી જ હેમિપ્લેજિક હોવા છતાં એ જિંદગીથી હારી નહીં, ડૉક્ટરોએ તો ભવિષ્યવાણી ભાખી હતી કે કોઈ પણ સંજોગોમાં આવા દર્દીનું આયુષ્ય એકસો દિવસથી વધુ હોતું નથી, પરંતુ સંજોગોનો સ્વીકાર કરે એ મુસ્કાન નહીં. એ તો કપરા સંજોગોને બાજુએ મૂકીને કામે વળગનારી છોકરી ! એ ક્યાંથી હાથ જોડી કે પગ વાળીને બેસી રહે. સંજોગોને હસીને બાજુએ મૂકી દીધા.

નવ વર્ષની વયે વિલ્સન હોમ નામની ન્યુઝીલેન્ડની સંસ્થાને સહાય કરવા માટે એણે ''ધ સ્ટોરી ઑફ ગણેશા'' લખ્યું. ન્યુઝીલેન્ડમાં રહી મુસ્કાનને ભારતમાં વસતાં દાદીમાએ કરેલી

વળી એના નાનકડા મનમાં થયું.

''આની પહેલી નકલ ભગવાન ગણેશને જ અર્પણ કરું તો !'' ન્યુઝીલેન્ડના પારાકૂરા શહેરમાં આવેલા ગણેશ મંદિરમાં ગણેશજીની પુસ્તિકાનું વિમોચન નક્કી કર્યું અને મુસ્કાને પોતાની પહેલી પ્રત પોતાના માનીતા દેવના ચરણમાં અર્પણ કરી, ત્યારે સંસ્કૃત શ્લોકોનું પઠન ગૂંજતું હતું. એક અનોખું વાતાવરણ સર્જાયું હતું. હાજર રહેલા સ્વજનો અને ભક્તજનોએ આ નાનકડી છોકરીની પુસ્તિકાને અંતરના કાર્યને ભાવથી વધાવી લીધો.

મુસ્કાનનું જમણું અંગ લકવાગ્રસ્ત હતું. એના ફેફસાં મહામહેનતે શ્વાસ લેતા હતા. આંખો થોડી નબળી હતી અને હૃદયમાં એક હોલ પડી ગયો હતો. પરંતુ આ કામે મુસ્કાનને એની વેદના ભૂલાવી દીધી અને ઉપસ્થિત સહુ કોઈ એના પર પ્રસન્ન થઈ ગયા. મુસ્કાનની આત્મશક્તિ અને ભીતરની ભક્તિના દર્શન થતા સહુના હૃદયમાં ભાવભીના સંચલનો જાગી ઊઠ્યા, આ સમયે ઉપસ્થિત એક ભક્તજને તો એવી ભાવના વ્યક્ત કરી કે ''હે પ્રભુ મારે મુસ્કાન જેવી દીકરી હોત તો કેવું સારું !''

મુસ્કાનની આ વાતો

અર્પણ કરી.

મુસ્કાન હજી શાળામાં સંકોચ અનુભવતી હતી. બધાં બાળકો સાથે હળીમળી શકતી નહોતી. એના શરીરની સ્થિતિને

**ડૉ. કુમારપાળ દેસાઈ**

કારણે આસપાસના બાળકો પણ એને હેતાળું વહાલ કરતા નહોતા. વળી મુસ્કાન પણ મિત્રો બનાવવા માટે કોઈ પ્રયત્ન કરતી નહીં. એનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ સારું હતું. હિંદી તો એ છટાદાર રીતે બોલી શકતી. મુસ્કાને રેડિયો તરાના પર આપેલો ઈન્ટરવ્યુ શ્રોતાજનોની અનેરી ચાહના પામ્યો. આ જોઈને ભારતીય સમાજના રેડિયો સ્ટેશન રેડિયો તરાના એ મુસ્કાનને એક કાર્યક્રમના એન્કર બનવા માટે પ્રસ્તાવ મૂક્યો.

જ્યારે રેડિયોના અધિકારીઓએ મુસ્કાનને મુલાકાત માટે બોલાવી, ત્યારે એનો હિંદી ભાષા પરનો કાબૂ જોઈને પ્રોગ્રામ મેનેજર પ્રસન્ન થઈ ગયો અને ઈ.સ. ૨૦૧૨માં ન્યુઝીલેન્ડમાં મુસ્કાન સૌ પ્રથમ સૌથી યુવાન રેડિયોજોકી બની. એણે બાળકોને અનુલક્ષીને કાર્યક્રમ આપવાનો હતો. વિશ્વભરમાંથી એના આ કાર્યક્રમને બાવન હજાર

પોતાના કાર્યક્રમની પહેલાં પૂરી સમજ મેળવી લેતી અને પછી એને પોતાની આગવી રીતે પ્રસારિત કરતી. બાર વર્ષની મુસ્કાને એની આવડત બતાવી એવામાં એક પત્રકારે મુસ્કાનની મુલાકાત લીધી અને એની ભીતરમાં પડેલી શક્તિઓને ઓળખીને એને સમાજના સમાચારપત્રની સૌથી યુવાન કોલમલેખિકા બનાવી.

બસ, આમ મુસ્કાનની સફરમાં આવતા અવરોધોની મુસ્કાન ક્યારેય પરવા કરતી નહીં. બન્યું એવું કે, રેડિયોના પ્રોગ્રામ નિર્માતા અને અખબારના પત્રકારોએ મુસ્કાનમાં એક શક્તિ જોઈ અને એને કારણે એના સહાધ્યાયીઓ પણ એનાથી પ્રભાવિત થયા. વિજ્ઞાન અને ભાષાના વિષયોમાં એ ઊંચી કક્ષા મેળવવા લાગી. એટલું જ નહીં પણ એની બીજાને મદદરૂપ થવાની પ્રકૃતિ અભ્યાસમાં પણ પ્રગટ થવા લાગી. આનું કારણ એ કે મુસ્કાનને એક જીવનમંત્ર મળી ગયો કે બીજાને મદદ કરવાથી પોતાને અનેરો આનંદ આવે છે અને જેમને મદદ કરી હોય તે તેના તરફ સાચા દિલથી ચાહના અને પ્રેમ રાખે છે. એમને માટે મુસ્કાન ''ખાસ'' બની જાય છે અને પોતાની આસપાસના સમાજમાં ''ખાસ'' બનવાનું એ

મુસ્કાન તેર વર્ષની થઈ. ઑકલેન્ડમાં આવેલી સ્ટારશિપ હોસ્પિટલે એના જમણા પગને સીધો કરવા માટે અને પગની પિંડીના સ્નાયુઓને લંબાવવા માટે સર્જરી કરવાનું નક્કી કર્યું. આને પરિણામે હલનચલન ઓછું થઈ ગયું. આવે સમયે કરવું શું ? પથારીમાં બેસી રહેવું, તો ગમે ક્યાંથી ? આવી સ્થિતિમાં પણ એ કોઈ સર્જનાત્મક અને ઉત્પાદક કાર્ય કરવા ચાહતી હતી. એને થયું કે લાવ ફરી કલમ ચલાવું.

કઈ વાત લખવી ? ગણેશની કથાથી લેખનકાર્યનો પ્રારંભ કર્યો હતો. હવે શું લખવું ? એણે પોતાની આત્મકથા લખવાનું શરું કર્યું અને શારીરિક મર્યાદા ધરાવનાર બાળક તરીકે પોતાની જિંદગીની કથા લખવા આલેખવાનો વિચાર કર્યો. આઠ મહિનામાં તો એની એ કથા ''આઈ ડ્રીમ'' તૈયાર થઈ ગઈ. વળી પાછો મુસ્કાનને એક વિચાર આવ્યો. આ પુસ્તકના વેચાણમાંથી જે કંઈ આવક આવે, તે આ સ્ટારશિપ હોસ્પિટલને જ દાનમાં આપી દઉં. બન્યું એવું કે મુસ્કાનની માતા જૈમિની જ્યાં કામ કરતા હતા તે બેંક ઑફ

(અનુસંધાન પા.નં. : ૨ ઉપર)

વિકલાંગ મિત્ર

વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.

# પંગુ લંઘયતે ગિરીમ્...

## દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા પ્રેરણાદાયક કાર્ય

શ્રી કિરણ ચાંપાનેરી "સેતુ"- મો. ૯૬૬૨૮૩૩૨૬૮

૨૦૧૫ના વર્ષની "મનની વાત"માં વડાપ્રધાને "સ્ટાર્ટ અપ ઈન્ડિયા - સ્ટેન્ડ અપ ઈન્ડિયા" અને વિકલાંગોને દિવ્યાંગ તરીકે ઓળખવાનો વિચાર વહેતો મૂક્યો. આ વિચાર વહેતો મૂક્યો તે અરસામાં ડિસેમ્બરના અંતે બે વિકલાંગ પ્રતિભાઓને મળવાનો અવસર સાંપડ્યો. જેમાં એક છે દક્ષિણ ગુજરાતના ઉમરા ગામની વ્યક્તિ અને બીજા છે ઉત્તર ગુજરાતના ડીસા પંથકના સરકારી ગોળિયા (ગામ)ના. બંને વ્યક્તિઓએ બાળપણમાં પોલિયોને કારણે પગ ગુમાવેલા. પણ હિંમત હાર્યા નહીં. સંઘર્ષ કર્યો. પોતે તો પ્રગતિ કરી પણ અન્ય વિકલાંગો માટે પણ સંઘર્ષ કર્યો અને પ્રેરણારૂપ બન્યા !

લાખણી-ડીસા તાલુકાના ગેનાજી દરગાજી પટેલે પગ ગુમાવ્યા હોવાથી બેઠાં બેઠાં હાથના સહારે ઘસડાતા ચાલી શકે એટલે ખેતીકામ તો ક્યાંથી થાય ? તેમના મોટાભાઈ જોરાજી સાથે રહે, ડીસા પંથકમાં રાયડો, એરંડા અને બટાટાની ખેતી વર્ષોથી થતી આવે. જોરાજી પણ રાયડો અને એરંડાની ખેતી કરે. પણ એકવાર વાવીએ અને પાંત્રીસેક વર્ષ સુધી ઉત્પાદન મળે તેવી ખેતી અંગે ગેનાજી સતત વિચારતા રહે.

તેમાં દાડમની ખેતી કરવા કોઈએ તેમને સૂચવ્યું. ગેનાજીએ પરંપરાગત ખેતી છોડી દાડમની ખેતી કરવાનું મોટાભાઈ જોરાજીને જણાવ્યું. અને ૨૦૦૪માં દાડમની ખેતીનો પ્રારંભ કર્યો. રાયડો અને એરંડાની ખેતી છોડી તેર એકરમાં દાડમના ૪૦૦૦ રોપ વાવ્યા. આ વખતે ગોળિયાના લોકો અને સગાવહાલાંઓ નિરાશાજનક વાતો કરતા,

(અનુસંધાન પા.નં. : ૧ ઉપરથી)
ન્યુઝીલેન્ડે આ પુસ્તકને સ્પોન્સર કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને એના પિતા અરૂણભાઈ જ્યાં કામ કરતા હતા તે ફાસ્ટ વે કુરિયર્સે કોઈપણ મૂલ્ય લીધા વિના આ પુસ્તક ખરીદનારને પહોંચાડવાની તૈયારી બતાવી.

આ પુસ્તક પ્રકાશિત થયું અને થોડા મહિનામાં જ અઢીસો ડોલર એકઠા થયા. મુસ્કાને પોતાને સારવાર આપનારી સ્ટારશિપ હોસ્પિટલને દાનમાં આપ્યા.

મુસ્કાનના આ પુસ્તકને ઑકલેન્ડની વેસ્ટલેક ગર્લ્સ હાઈસ્કૂલના નવમા ધોરણની વિદ્યાર્થીનીઓ "કરેજ" શીર્ષક હેઠળ ભણે છે. એની આવકનો બીજો તબક્કો મુસ્કાને "ધ બ્રેકફાસ્ટ ક્લબ" નામની સંસ્થાને આપ્યો. આ સંસ્થા સામાજિક અને આર્થિક રીતે પછાત વિસ્તારની શાળાના બાળકોને અપાતા ભોજન માટે કલ્યાણ કાર્ય કરે છે. વળી મુસ્કાન "એટીટ્યૂટ લાઈવ" માટે બ્લોગ લખે છે અને એની બે સંક્ષિપ્ત વાર્તાઓ "બેંક ઑફ ન્યુઝીલેન્ડ લિટરરી એવોર્ડ"ની વિવિધ કેટેગરીમાં બાંધવા માટે ફાળો એકત્રિત કરવો.

જીવન પ્રત્યે સદાય ઉત્સાહી એવી મુસ્કાન માને છે કે, "એ ઘણું બોલે છે, ઘણું લખે છે અને ઘણીવાર પુસ્તકાલયમાં કોઈ ઉત્તમ પુસ્તક વાંચવામાં ઘણી મશગુલ બની જાય છે." સ્વાસ્થ્ય સામેની અસંખ્ય લડાઈઓ લડીને એને પાર ઉતારનાર મુસ્કાન વળી હળવાશથી પોતાની વાત કહે છે.

"જેમ હું વાત કરું છું, તેમ લખું છું. મને વાતો કરવી ખૂબ ગમે છે. હું મારી જિંદગીની સફરની વાત કરીશ, જેથી મનેં વેઠેલા સંઘર્ષો, જીવનમાં આવેલી ચડતી પડતી વાતો લોકોને જાણ થશે, પરંતુએથી ય વિશેષ એમાંથી હું કંઈ રીતે બહાર નીકળી એ વાંચશે અને સહુ કોઈ પ્રોત્સાહન પામશે."

એ કહે છે કે, "હું વાસ્તવિકતા સ્વીકારવાથી ડરતી નથી, નિખાલસપણે મારા અલગ હોવાની હકીકતનો સ્વીકાર કરું છું. મારી જિંદગી પડકારભરી હતી, પણ કુટુંબના સાથ અને નિર્ણાયક શક્તિથી મારી નૈયા ચલાવી શકું છું. આજે હું જે કાંઈ છું, તે મારા માતા-પિતાના આશીર્વાદ અને પ્રોત્સાહનને લીધે છું." અજોડ બનાવે છે."

આમ મુસ્કાન લેખન અને પત્રકારત્વના માર્ગે ધીરે ધીરે આગળ વધી રહી છે. એને એટલું જ બતાવવું છે કે, કોઈ વ્યક્તિ શારીરિક અક્ષમતા ધરાવતી હોય તો તે કોઈ બીજી દુનિયાનું પ્રાણી બની જતી નથી. આજે મુસ્કાનની સાફલ્યગાથા વાંચીએ ત્યારે લાગે કે ભલે વિધાતાએ એને અનેક પડકારો ઝીલવા માટે મજબૂર કરી હોય, પરંતુ પોતાના મનોબળ અને સંકલ્પશક્તિથી એણે એવી સિદ્ધિના શિખરો હાંસલ કર્યા છે કે સમર્થ વ્યક્તિ પણ વિસ્મયમાં ડૂબી જાય !

ન્યુઝીલેન્ડમાં વસતી પંદર વર્ષની મુસ્કાન એના પિતા, માતા અને ભાઈને માટે તો મુસ્કાન બની રહી છે, પરંતુ જિંદગીમાં શારીરિક મર્યાદાઓને કારણે લાચારી અનુભવતા કે પછી સંજોગોથી ઘેરાઈને શરણાગતિ સ્વીકારતા અથવા તો અફસોસ અને નકારાત્મકતાથી જીવતા લોકોને માટે એ ચેતનવંત નવજીવનની મુસ્કુરાહટ બની ગઈ છે, કારણ કે આ મુસ્કુરાહટની પાછળ એક નાનકડી બાળકીએ અદમ્ય ઉત્સાહ, આત્મવિશ્વાસ

જણાવ્યું. અને ૨૦૦૪માં દાડમની ખેતીનો પ્રારંભ કર્યો. રાયડો અને એરંડાની ખેતી છોડી તેર એકરમાં દાડમના ૪૦૦૦ રોપ વાવ્યા. આ વખતે ગોળિયાના લોકો અને સગાવહાલાંઓ નિરાશાજનક વાતો કરતા, પણ જોરાજી-ગેનાજી અડગ રહ્યા. ત્રીજા વર્ષથી દાડમની આવક દેખાવા માંડી. એટલે ધીમે ધીમે સૌને ગેનાજીની વાત સમજાવા માંડી. આજે તો ગેનાજી ખેતરે - ઘરે બેઠાં બેઠાં વર્ષે વીઘા દીઠ બે લાખ રૂપિયા કમાય છે. દાડમના વેચાણ માટે બજારમાં જવાનું ન નહીં. વેપારીઓ ખેતરેથી જ પેકેજિંગ કરીને લઈ જાય. આજે તો સરકારી ગોળિયાના ૯૦ ટકા ખેતરોમાં ડીસા પંથકમાં દાડમડી લહેરાય છે ! સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારો અને રાજસ્થાનના બાડમેરમાં ત્રીસેક હજાર હેક્ટરમાં દાડમની ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા ! ગેનાજીના આવા પ્રયાસો બદલ આત્મા એવોર્ડ, કૃષિના ઋષિનો એવોર્ડ, સમ્રાટ કિસાન ઑફ ઈન્ડિયા, એસ્પી એવોર્ડ જેવા રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાનાં અનેક સન્માનો અને રોકડ પારિતોષિકથી તેઓ સન્માનિત થયા ! રોકડ પુરસ્કરાની રકમ ગેનાજી શૈક્ષણિક સંસ્થાઓમાં અર્પણ કરે છે.

સુરત નજીક ઉમરા ગામમાં કનુભાઈ ટેલર વિકલાંગ બાળકો માટેની સંસ્થા ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા દ્વારા કામગીરી કરી રહ્યા છે.

આણંદ નજીકના ઓડ ગામમાં કનુભાઈનો જન્મ. બચપણમાં જ પોલિયોમાં પગની ચેતના ગુમાવ્યા પછી ઘસડાતાં ઘસડાતાં સ્કૂલનું શિક્ષણ મેળવ્યું. રોજિંદી ક્રિયાઓ પણ ઘસડાતાં ચાલીને જ કરવાની. આવી મુશ્કેલીમાં પણ કોલેજ સુધીનો અભ્યાસ કર્યો. આ દરમિયાન તેમને પડતી મુશ્કેલીઓ અને બીજી વિકલાંગોની સમસ્યા જોઈને તેમના પ્રત્યે સહાનુભૂતિ જાગે. વિકલાંગોને જાહેર સ્થળોએ વિશિષ્ટ સુવિધા-સગવડતા મળે અને તે અંગે કનુભાઈએ સરકારમાં રજૂઆતો કરેલી. તેમના પ્રયાસોથી એસ.ટી. બસમાં વિકલાંગોને સુવિધા અને રાહત દરે મુસાફરી કરવાની સવલતો મળતી થયેલી. પ્રથમ સુરત શહેરમાં વિકલાંગો માટે કામ કર્યું. આજે ઉમરા ગામે વિકલાંગ બાળકોની સંસ્થામાં શિક્ષણ, મેડિકલ સારવાર, ફિજીયોથેરાપી સેન્ટર અને કોમ્પ્યુટર શિક્ષણ અપાય છે.

વિકલાંગોની સમસ્યા માટે લડ્યા, ઝઝૂમ્યા અને મુશ્કેલીઓ હળવી કરી. વિકલાંગોની સેવા બદલ કનુભાઈને ભારત સરકારે પદ્મશ્રી એવોર્ડથી નવાજ્યા છે. વડાપ્રધાનશ્રીએ વિકલાંગોને દિવ્યાંગ તરીકે ઓળખવાનો વિચાર મૂક્યો તે ખરેખર સાર્થક છે. ●

એની બે સંક્ષિપ્ત વાર્તાઓ "બેંક ઑફ ન્યુઝીલેન્ડ લિટરર એવોર્ડ"ની વિવિધ કેટેગરીમાં સમાવેશ પામી છે.

એક વક્તા તરીકે પણ મુસ્કાન ધીરેધીરે પ્રભાવશાળી બનતી રહી છે. કપરી જિંદગીની વચ્ચે એનો આનંદ અક્ષત રહ્યો છે. એની ઈચ્છા તો એ છે કે ભારતના ઓરિસ્સામાં આવેલા નાના ગામડામાં એક કન્યાશાળા

છું. આજે હું જે કાંઈ છું, તે મારા માતા-પિતાના આશીર્વાદ અને પ્રોત્સાહનને લીધે છું."

વળી પાછી એના પગને સીધા કરવા અને સ્નાયુઓને લંબાવવા માટે ફરી સર્જરી કરવી પડી. તેર વર્ષ પછી મુસ્કાને તરખીરિયા રંગના સેન્ડલ પહેર્યા અને આત્મવિશ્વાસથી ભરેલી મુસ્કાન કહે છે કે, "તમારામાં રહેલી અલગ બાબત જ તમને

છે, કારણ કે આ મુસ્કુરાહટની પાછળ એક નાનકડી બાળકીએ અદમ્ય ઉત્સાહ, આત્મવિશ્વાસ અને આનંદભેર ખેડેલા જીવનસંઘર્ષની કથા છે. ●

***શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી.***

***- તંત્રીશ્રી***


વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...

fssai Lic. No.10015021001738

A QUALITY PRODUCTS VALAJI MASALA




All items are available Pack in Rs. 5/-, Rs. 10/-, Rs.15/-, 100gm, 200gm, 500gm, 1kg and 5kg.

Mfg by : Pride Exim Pvt. Ltd.
153/154 G.I.D.C., Ranasan, Ta: Vijapur, Dist Mehsana, Gujarat
Email:prideeximpvtltd@gmail.com, valajimasala@gmail.com
Web: www.prideexim.com, Mo: 9904432412

# વિકલાંગો માટે સ્વરોજગાર

લે : કનુભાઈ શેલાર, અમદાવાદ

દુનિયાના તમામ દેશોમાં રોજગાર સમસ્યા વત્તા ઓછા અંશે રહેલી છે. ભારત જેવો વિકસિત દેશ પણ આમાંથી બાકાત નથી. સાપંગ વ્યક્તિઓને રોજગારીની સમસ્યા નડતી હોય તો વિકલાંગો માટે આ કેટલો મોટો પ્રશ્ન છે એ સમજી શકાય તેવી વાત છે. ભારતમાં ૫૦ ટકા ઉપરાંત યુવાનોને આ સમસ્યાનો સામનો કરવો પડે છે. જ્યારે વિકલાંગોની કુલ જનસંખ્યાના ૭૦ ટકા ઉપરાંત વિકલાંગોને આ સમસ્યા નડી રહી છે.

રોજગાર અને સ્વરોજગાર વચ્ચે પાતળી, પરંતુ મહત્વની ભેદરેખા રહેલ છે. રોજગારમાં સ્વરોજગાર સમાયેલ નથી, પરંતુ સ્વરોજગારમાં જ રોજગાર સમાયેલ છે. રોજગાર મેળવવા માટે કઠીન પ્રયત્નો કરવા પડે છે. યોગ્ય લાયકાત, શૈક્ષણિક લાયકાત વગેરેની જરૂરિયાત રોજગાર મેળવવા માટે અગત્યના અંગ છે, જ્યારે સ્વરોજગાર માટે બુધ્ધિકક્ષાની આવડત અને

જેમ દરેક વિકલાંગ વ્યક્તિ પોતાની શારીરિક ક્ષમતાને ધ્યાને રાખીને પોતાના રોજિંદા કાર્યમાં પારંગત બને છે તેમાં તેની અપંગતા ક્યાંય અડચણરૂપ બનતી નથી. તેમ, સ્વરોજગાર મેળવવા માટે પણ તે અડચણરૂપ બનતી નથી. અલબત્ત, તેનામાં માનસિક તૈયારી હોવી જરૂરી છે.

સ્વરોજગાર બે રીતે પ્રાપ્ત કરી શકાય છે. એક, પોતાના વંશ પરંપરાગત ધંધાને સ્વીકારીને, દા.ત. સુથાર, લુહાર, કર્મકાંડી બ્રાહ્મણ, વાળંદ-નાયી, દરજી, કુંભાર, ધોબી વગેરે સ્વરોજગાર વિકલાંગ વ્યક્તિ ચાહે હાથે કે પગે જો અપંગતા ધરાવતો હોય તો તે ક્ષતિને ધ્યાને લઈ વારસાગત ધંધો કરી શકે છે. બન્ને પગે વિકલાંગ પરંતુ હાથથી સશક્ત વ્યક્તિ સુંદર રીતે ઈસ્ત્રી કરી શકે છે. ટેલરીંગ મશીન ઉપર બેસીને સિલાઈકામ પણ કરી શકે છે. (હા, ઈલેક્ટ્રીક મોટરની કદાચ જરૂર પડે) કટીંગ કરી અન્ય કારીગરને કામ આપી શકે છે. બેઠા બેઠા સુંદર રીતે

શકાય છે. બહેનો માટે અથાણાં, પાપડ, શરબત, ટામેટા કેચઅપ-સોસ, ફ્રૂટ જામ, વિનેગર વગેરેનું ઉત્પાદન ખૂબજ ઓછા મૂડી રોકાણમાં ઘરે બેઠાં કરી શકાય છે, અને તેનું માર્કેટિંગ કરવામાં પણ અગવડ પડે તેમ નથી. પોતે ઉત્પાદન ન કરી શકે તેમ હોય તો ટ્રેડીંગ કરીને પણ સ્વરોજગાર મેળવી શકે છે. પોતાની ટ્રાયસિકલ ઉપર મહેંદીકોન, ચાંદલા, લીપસ્ટીક, પાવડર, બોરિયા-બક્કલ વગેરે કટલરીનો સામાન વેચાણ કરીને પણ સ્વરોજગાર મેળવી શકે છે.

બીજી રીતે, વિકલાંગ વ્યક્તિ પોતાની સેવાઓ આપીને પણ સ્વરોજગાર મેળવી શકે છે. સારી રીતે અભ્યાસ કરી, ભણીને ડિગ્રી-સનદ પ્રાપ્ત કરીને વકીલાત કરનાર વિકલાંગ વ્યક્તિઓ આ સમાજમાં છે, જે અન્ય માટે પ્રેરણારૂપ છે. વિકલાંગ ડૉક્ટરો પોતાની ક્લીનીક, હોસ્પિટલ પણ ચલાવે છે. કન્સલટીંગ કરીને સારી સાચી સલાહ આપીને ફાઈનાન્સ રોકાણ કરાવીને કમિશન મેળવવામાં કોઈ પ્રકારની અપંગતા નડતી નથી. લાઈફ ઈન્સ્યોરન્સ કે અન્ય ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીના એજન્ટ, ટુર ટ્રાવેલ્સ કંપનીના એજન્ટ બની સારી એવી આવક પેદા કરી

હોય, બોલવાની છટા હોય તો સારા ઉદઘોષક બનીને પણ નાણાંનું ઉપાર્જન કરી શકાય છે. સારો કંઠ ધરાવતા હોઈએ, લોકસાહિત્યનું જ્ઞાન હોય અને સુંદર રીતે ગીતો ગાઈ શકવાને શક્તિમાન હોઈએ તો સારા

વગાડનાર), પ્લાસ્ટીક ઑફ પેરીસમાંથી મૂર્તિ (મોલ્ડીંગ), ટ્રાયસિકલ-સાયકલ રીપેરીંગ, મોબાઈલ, ટેલિવીઝન, ફ્રીઝ વગેરે રીપેરીંગ કરીને પણ સ્વરોજગાર મેળવી શકાય છે.

આમ રોજગારીની

---

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં બાર વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર "વિકલાંગ મિત્ર" દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે "વિકલાંગ મિત્ર" માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને "વિકલાંગ મિત્ર"ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **"વિકલાંગ મિત્ર"**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**

**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**

**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૪૨૭૯૫૮૭૧૧**

**viklangmitra@yahoo.com**

રોજગાર મેળવવા માટે અગત્યના અંગ છે, જ્યારે સ્વરોજગાર માટે બુધ્ધિકક્ષાની આવડત અને જરૂરિયાત પુરતું શિક્ષણ જરૂરી છે. મારી દ્દષ્ટિએ રોજગાર કરતાં સ્વરોજગાર મેળવવો સહેલો છે. કારણ, તેમાં વિશાળ તકો રહેલી છે. વિશાળક્ષેત્ર છે અને આગળ વધવાના જ ચાન્સીસ રહેલા છે.

વિકલાંગો માટેના સ્વરોજગારમાં તેમની અપંગતા ભાગ્યે જ અડચણરૂપ બને છે. મોટરની કદાચ જરૂર પડે) કટીંગ કરી અન્ય કારીગરને કામ આપી શકે છે. બેઠા બેઠા સુંદર રીતે કુંભારનું કાર્ય કરી શકે છે. હસ્તકલામાં નિષ્ણાત બની શકાય છે. ભરત-ગુંથણ, નીટીંગ કાર્ય પણ થઈ શકે છે. સારા બ્યુટિશીયન બની શકાય છે. કર્મકાંડી બ્રાહ્મણના કાર્યો, કથા કરવી, વિધિ-મંત્ર જાપ, લગ્નો જેવા કાર્યો કરવામાં ક્યાંય વિકલાંગતા નડતી નથી. સુથારી કાર્યોમાં નાનકડા રીપેરીંગ કાર્યથી નવા પ્રકારના પ્રોડક્ટ કાર્યો કરી અન્ય ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીના એજન્ટ, ટુર ટ્રાવેલ્સ કંપનીના એજન્ટ બની સારી એવી આવક પેદા કરી શકાય છે. આજના આ હરિફાઈ યુગમાં કે.જી. થી ધો. ૧૨ કે તેનાથી વધુ શિક્ષણના ખાનગી ટ્યુશન, ગ્રુપ ટ્યુશન કે ટ્યુશન કલાસીસ પણ ચલાવી શકાય છે. અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્ત્વ, પબ્લીક સ્પીકીંગ, પબ્લીક રીલેશનશીપ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ વગેરેના કલાસીસમાં ખૂબજ ઉપયોગી થઈ શકે તેમ છે. આપણી પાસે જ્ઞાન હોય, સારું વાંચન સારો કંઠ ધરાવતા હોઈએ, લોકસાહિત્યનું જ્ઞાન હોય અને સુંદર રીતે ગીતો ગાઈ શકવાને શક્તિમાન હોઈએ તો સારા ગાયકના રૂપમાં પણ મહેનતાણું મેળવી શકાય છે, અને આમાં આપણે પહેલ પણ નથી કરવાની આ દરેક ક્ષેત્રમાં વિકલાંગોનું પદાપર્ણ છે જ અને સ્વરોજગાર મેળવી રહ્યાના જીવંત દાખલા આપણા સમાજમાં મોજુદ છે. આ ઉપરાંત પેઈન્ટીંગ, હસ્તકલા, સાજીંદા (વાજિંત્ર મોબાઈલ, ટેલીવીઝન, ફ્રીઝ વગેરે રીપેરીંગ કરીને પણ સ્વરોજગાર મેળવી શકાય છે.

આમ, રોજગારીની તકોમાં સ્વરોજગાર મેળવવામાં વિકલાંગો માટે વિશાળ કાર્યક્ષેત્ર છે. એમ મારું માનવું છે. ●

લેખક :- કનુભાઈ શેલાર, પ્રમુખ, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, સુદામા હાઉસ, પ્રીતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬
ફો.નં. : (૦૭૯)૨૬૫૭૫૨૭૩

ઠ 'વિકલાંગ મિત્ર'ને હાર્દિક શુભેચ્છા સહ...



# સક્ષમનું ગુજરાત પ્રાંત પ્રથમ અધિવેશન શ્રી સંતરામ મંદિર નડિયાદમાં સંપન્ન થયું

અહેવાલ :- શ્રી નીતિનભાઈ જાની, નડિયાદ- મો. ૯૪૨૬૫૪૩૭૧૮

સમદૃષ્ટિ ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ (સક્ષમ) જે વિકલાંગો અને વિકલાંગોની સંસ્થાઓને સંગઠિત કરવા વાળું એક માત્ર રાષ્ટ્રીય સંગઠન છે. જેનું ગુજરાત પ્રાંતનું પ્રથમ અધિવેશન તા. ૧૦-૧-૨૦૧૬ને રવિવારે શ્રી સંતરામ મંદિર નડિયાદ ખાતે મળ્યું. જેમાં સંતરામ મંદિર ઉમરેઠના સંતશ્રી પ.પૂ.શ્રી ગણેશદાસજી મહારાજ તથા દિવ્યાંગશ્રી અજીતસિંહ શેખાવત(સી.એ.) ગાંધીનગર તથા સક્ષમના રાષ્ટ્રીય સંગઠન મંત્રીશ્રી શુકુમારજી (નાગપુર), સક્ષમના રાષ્ટ્રીય સહકોષાધ્યક્ષશ્રી રઘુનાથજી (નાસીક) વિશેષ ઉપસ્થિત રહ્યા. આ સમારંભના મુખ્ય મહેમાનશ્રી પંકજભાઈ દેસાઈ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા તથા ખેડા જિલ્લા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ તથા રા.સ્વ.સેવક સંઘના પ્રાંત સહ સેવા પ્રમુખ અને સક્ષમના વાલીશ્રી નરેન્દ્રભાઈ દવે તથા સક્ષમ પ્રાંત અધ્યક્ષશ્રી પ્રફુલ્લભાઈ પટેલ તથા સક્ષમ પ્રાંત મંત્રીશ્રી નીતીનભાઈ જાનીની ઉપસ્થિતમાં સંમેલન મળ્યું.

સર્વે મહાનુભાવોની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ અને દીપ પ્રાગટ્ય કરાયા બાદ સંતશ્રી ગણેશદાસજી મહારાજે આર્શિવચન આપ્યા તથા ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે અને ગુજરાત વિધાનસભાના દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ પ્રાસંગિક સંબોધન કર્યું. સક્ષમના રાષ્ટ્રીય સંગઠન મંત્રીશ્રી શુકુમારજીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે દેશની ૨૦૧૧ની જનગણના આધારે સમગ્ર દેશમાં ૨.૭૭% વિકલાંગ લોકો છે, એટલે કે ૩ કરોડ લોકો વિકલાંગ છે. આમ ૩ કરોડ પરિવાર વિકલાંગતાથી ગ્રસ્ત કહી શકાય. તેમાં ૧% વિકલાંગતા અંધત્ત્વની છે. જેમાં ૨૦ લાખ વ્યક્તિ કૉનિયાથી અંધત્ત્વ છે. આ અંધત્ત્વને આપણે દૂર કરી શકીએ તેમ છીએ અને તે માટે સક્ષમ દ્વારા પૂરા ભારત વર્ષમાં કૉનિયા અંધત્ત્વ મુક્ત ભારત અભિયાન વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૮ સુધી ચલાવવામાં આવનાર છે. જેની માહિતી આપી અને આ અભિયાનમાં જોડાઈ જવા કાર્યકર્તાઓને આહવાન કર્યું હતું.

સમાપન સત્રમાં બોલતા રા.સ્વ.સેવક સંઘના પ્રાંત સહ સેવા પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ દવે એ જણાવ્યું કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા વિવિધ સમાજના દરેક ક્ષેત્રોમાં વિવિધ આયામો શરૂ થાય અને તે સમાજ ઉત્કર્ષ માટે સ્વતંત્ર કામ કરતા બને તેવા પ્રયત્નના ભાગરૂપે સક્ષમનું આ પ્રથમ પ્રાંત અધિવેશનનું સફળ આયોજન કરેલ છે અને આવેલા કાર્યકર્તાઓ અધિવેશનમાંથી પાછા સ્થાન ઉપર જઈ પોતાના જિલ્લામાં સક્ષમના સંગઠનને વધુ મજબૂત બનાવવા અને કાર્યકરોને સંગઠિત થવા તથા પોતાના જિલ્લાની આ ક્ષેત્રમાં કામ કરતી સામાજિક સંસ્થાઓનો સંપર્ક કરી સક્ષમના કાર્યોથી માહિતગાર કરે સાથે પોતાના જિલ્લામાં સક્ષમની સદસ્યતા વધુમાં વધુ બનાવે. સક્ષમના નક્કી થયેલા કાર્યક્રમો આગ્રહપૂર્વક ઉજવી સમાજને

## "વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્વાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) શ્રી પ્રવિણભાઈ પંડ્યા, મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦)શ્રી જ્યોત્સનાબેન સુથાર, ફા.ઈન્ટરનેશનલ, અપંગ એકતા સમિતિ અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ
(૧૩) શ્રી રસીકભાઈ પટેલ, ભાદરણ, જિ.આણંદ હાલ- યુ. કે.
(૧૪) શ્રી નાનજીભાઈ કે. ડબાસીયા, માધાપર (કચ્છ)
(૧૫) શ્રી બકુલાબેન ઘાસવાલા, સાહિત્યકાર, વલસાડ
(૧૬) શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર, મોહનગઢ, જિ. વલસાડ
(૧૭) શ્રી તનમનબેન ગાંધી, સામાજિક કાર્યકર, મુંબઈ
(૧૮) શ્રી કિશોરભાઈ ભાનુશાળી, પ્રોફેસર, અમદાવાદ
(૧૯) શ્રી ભાસ્કરભાઈ મહેતા, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, ઈડર
(૨૦) શ્રી દિપકકુમાર રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી
(૨૧) શ્રી ફાધર વિલિયમ, "રિશ્તા", વડોદરા
(૨૨) શ્રી મધુબેન પી. પટેલ, શિક્ષિકા, બાલમંદિર, કડવાસણ, જિ.મહેસાણા
(૨૩) શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર,અમદાવાદ
(૨૪) શ્રી અશોકભાઈ પટેલ, પ્રમુખ, અપંગ એકતા સમિતિ, અમદાવાદ
(૨૫) શ્રી નવીનચંદ્રભાઈ મણીયાર, મુંબઈ
(૨૬) શ્રી હેમેન્દ્રભાઈ જણસારી, લોક સેવા સાર્વ. ટ્રસ્ટ, ભૂજ (કચ્છ)
(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ
(૨૮) શ્રી નટવરલાલ સોમાણી, જયબા સોમાણી પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ
(૨૯) શ્રી અશોકભાઈ પટેલ, ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર

## સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા

સક્ષમના સંગઠનને વધુ મજબૂત બનાવવા અને કાર્યકરોને સંગઠિત થવા તથા પોતાના જિલ્લાની આ ક્ષેત્રમાં કામ કરતી સામાજિક સંસ્થાઓનો સંપર્ક કરી સક્ષમના કાર્યોથી માહિતગાર કરે સાથે પોતાના જિલ્લામાં સક્ષમની સદસ્યતા વધુમાં વધુ બનાવે. સક્ષમના નક્કી થયેલા કાર્યક્રમો આગ્રહપૂર્વક ઉજવી સમાજને સક્ષમથી જોડવાનો પ્રયત્ન કરવા કાર્યકર્તાઓને અપીલ કરી હતી.

અંતમાં સમાપન કરતા સક્ષમના રાષ્ટ્રીય કોષાધ્યક્ષશ્રી રઘુનાથજીએ કહ્યું કે સક્ષમના આ કાર્યમાં દરેક કાર્યકર્તા કદમથી કદમ મેળવી અને હાથથી હાથ મેળવી ગુજરાતમાં સક્ષમના સેવા કાર્યની મહેંક છેક ગામડાના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડીએ એવી અપીલ કરી હતી. આ અધિવેશનનું સંચાલન પ્રાંત મંત્રીશ્રી નીતીનભાઈ જાનીએ કર્યું હતું. અને અંતમાં આભારવિધિ ખેડા જિલ્લા પ્રમુખ આર.જે. શાહે કરી અને વંદેમાતરમ ગાન બાદ ધ્વજ આરોહણ કરી સભાનું સમાપન કર્યું.

વધુ માહિતી આપતા સક્ષમના પ્રાંત મંત્રીશ્રી નીતીનભાઈ જાનીએ જણાવ્યું કે અધિવેશનમાં ગુજરાત પ્રાંતના ૨૨ જિલ્લાઓમાંથી પ્રતિનિધીઓ અને દિવ્યાંગજનોમાં કામ કરતી ૧૭ સંસ્થાઓ અને દિવ્યાંગો અને તેમના સહાયકો કુલ મળી ૧૧૦૦ લોકોએ આ અધિવેશનમાં ભાગ લીધો હતો. ●

## રાજ્યકક્ષાના વિકલાંગોના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ-૨૦૧૫
## એથલેન્ટ / વોલીબોલ સ્પર્ધાઓ

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગાંધીનગર, સ્પોર્ટસ ઓથોરીટી ઑફ ગુજરાત, ગાંધીનગર, જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી, પોરબંદર આયોજીત શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરુકુળ, પોરબંદર સંચાલિત રાજ્યકક્ષાની વિકલાંગો માટેની સ્પેશ્યલ ખેલ-મહાકુંભ-૨૦૧૫નું આયોજન પોલીસ પરેડ ગ્રાઉન્ડ પોરબંદર ખાતે તા. ૧૩-૧૪-૧૫ ફેબ્રુઆરી-૨૦૧૬ના રોજ કરવામાં આવેલ, જેમાં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓના ૧૪૫૫ વિકલાંગ ખેલાડીઓએ ઉત્સાહ અને ઉમંગથી પોતાની વિકલાંગતા વિસરી જઈને મેદાનની રમત-ગમતોમાં ભાગ લઈ રાજ્ય કક્ષાના વિકલાંગ ભાઈ-બહેનોના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ-૨૦૧૫ને સફળતા બક્ષેલી. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબીનેટ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા, પોરબંદર જિલ્લા ક્લેક્ટર શ્રી દિનેશભાઈ પટેલ તથા મહેતા ગૃપ ઑફ ઈન્ડસ્ટ્રીઝના શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા, શ્રીમતી મેઘાવીબેન મહેતા (મુંબઈ) ખાસ ઉપસ્થિત રહી વિકલાંગ ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં પોરબંદર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રમેશભાઈ ઓડેદરા, પોરબંદર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ભારતીબેન મોદી અને ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડના પ્રમુખશ્રી કનુભાઈ શેલાર અને મંત્રીશ્રી કાંતિભાઈ પરમાર તેમજ પ્રો.કો.ઓર્ડિનેટર શ્રી ભરતભાઈ ઠક્કર અને શ્રી ભરતભાઈ શેલાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર સ્પર્ધાઓના સંચાલન અને આયોજનમાં શ્રી ગૌરવભાઈ પરીખે ત્રણ દિવસ સુધી ખડે પગે રહી વિકલાંગ ખેલાડીઓને પ્રત્સાહિત કર્યા હતા. આ સમગ્ર રાજ્ય કક્ષાના ખેલ-મહાકુંભના આયોજનમાં જીલ્લા રમત-ગમત અધિકારીની ટીમ સાથે આયોજક સંસ્થા શ્રી ભારતીય ગુરુકુળ, પોરબંદરને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ●

(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ
(૨૮) શ્રી નટવરલાલ સોમાણી, જયબા સોમાણી પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ
(૨૯) શ્રી અશોકભાઈ પટેલ, ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર

## સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા
## સામાજિક પુનવર્સન કાર્યક્રમ યોજાયો

સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ રક્તપિત્તગ્રસ્તોને મદદરૂપ થતી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા સત્યાગ્રહ આશ્રમ કોચરબ અમદાવાદ ખાતે રક્તપિત્તગ્રસ્તોને અનાજ અને જીવનજરૂરી ચીજવસ્તુઓ અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૧-૩-૨૦૧૬ના રોજ ચંન્દ્રિકાબેન વાઘેલા, માનવ સેવા ટ્રસ્ટ અમદાવાદ તથા રોટરી ક્લબ ઑફ સુપ્રીમના પ્રમુખ શ્રી જીગરભાઈ શાહ અને સભ્યોની ખાસ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.  શ્રી ભોગીલાલ શાહ પરિવાર તરફથી ડિનરસેટ આપવામાં આવ્યો હતો. રોગ મુક્ત બાબુભાઈ પરમારે આ સંસ્થા વિશે વાત કરતાં જણાવ્યું કે તેમને દર માસે અનાજ જીવનજરૂરી ચીજવસ્તુઓ આપવામાં આવે છે, તેથી અમને ઘણી રાહત થાય છે. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કુમુદબેન શાહ, શ્રી પ્રવિણભાઈ પંડ્યાએ તથા કાર્યકરાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી રેખાબેન પંચાલે કર્યું હતું. ●

## ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર ખાતે
## શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ-વિસનગર સંસ્થાના કુવાસણા મુકામેના વિકલાંગ સેવા પરિસરમાં તા. ૧ મે ૨૦૧૬ થી તા. ૭ મે ૨૦૧૬ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે. આ ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠે શ્રી ગીરનારી આશ્રમ, બાલવાના બાલયોગીની સાધ્વીશ્રી ગીતાદીદી બિરાજમાન થઈ તેમના શ્રીમુખેથી ભાગવતનું સંગીતના સૂરો સાથે રસપાન કરાવશે. સમગ્ર ધર્મપ્રેમી જનતાને આ ભગવદ્ કાર્યમાં ભાગ લેવા અને કથા રસપાન કરવા સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ છે. વધુ માહિતી માટે ફો.નં. : ૦૨૭૬૫-૨૮૧૨૧૦, મો.નં. : ૯૭૨૭૭૨૮૯૦૯ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. ●

## વિકલાંગ ઓળખકાર્ડની મુદત અંગે

વિકલાંગોને એસ.ટી.માં વિનામૂલ્યે મુસાફરી યોજના હેઠળ વિકલાંગ ઓળખકાર્ડ આપવામાં આવેલ છે. જે કિસ્સામાં ઓળખકાર્ડની મુદત તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ અને ત્યાર પછી પૂરી થતી હોય તેવા કિસ્સામાં ઓળખકાર્ડની મુદત તા. ૩૦-૬-૨૦૧૬સુધી લંબાવવામાં આવેલ છે. જેની નોંધ લેશો. ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL